અપીલ અરજી નં.૪૦૧ તા.૧૬–૨–૧૦

અરજદારઃ–શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫–૧–૧૦ ની અરજીથી (૧) સીટીઈજનેરશ્રી (૨)એડીશનલ સીટી ઈજનેરશ્રી (૩)ડેપ્યુટી કમિશ્નર (સ્પે.) (૪) ડે.કમિશ્નરશ્રી (જ) અને એપેલેટ ઓફિસર (૫) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને (૬) ડે.કમિશ્નર (હે.અને હો.) (૭) શહેર વિકાસ અધિકારી (૮) મુખ્ય આરોગ્ય અધિકારી વિ. સુરત મહાનગર સેવા સદનના હાલમાં ફરજ બજાવતા કલાસ વન અધિકારીઓના નામ, શૈક્ષણિક લાયકાતનાં સર્ટીફીકેટ, અનુભવ સર્ટીફીકેટ તેમજ સદર અધિકારીઓની નિમણુંક ગુજરાત સરકારનાં રોસ્ટર પધ્ધતિને આધિન નિમણુંક આપેલ છે. જે અંગેની જાતિ સહીતની સંપુર્ણ વિગત સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૧/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫–૧–૧૦ ની અરજીથી (૧) સીટીઈજનેરશ્રી (૨)એડીશનલ સીટી ઈજનેરશ્રી (૩)ડેપ્યુટી કમિશ્નર (સ્પે.) (૪) ડે.કમિશ્નરશ્રી (જ) અને એપેલેટ ઓફિસર (૫) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને (૬) ડે.કમિશ્નર (હે.અને હો.) (૭) શહેર વિકાસ અધિકારી (૮) મુખ્ય આરોગ્ય અધિકારી વિ. સુરત મહાનગર સેવા સદનના હાલમાં ફરજ બજાવતા કલાસ વન અધિકારીઓના નામ, શૈક્ષણિક લાયકાતનાં સર્ટીફીકેટ,અનુભવ સર્ટીફીકેટ તેમજ સદર અધિકારીઓની નિમણુંક ગુજરાત સરકારનાં રોસ્ટર પધ્ધતિને આધિન નિમણુંક આપેલ છે. જે અંગેની જાતિ સહીતની સંપુર્ણ વિગત સાથેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૧૧ તા.૮–૨–૧૦ થી આપેલ માહિતી ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૦ તા.૨૩–૨–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં. જીએડી/ઈએસટી/૩૮૬૦ તા.૩–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ પત્ર જીએડી/ઈએસટી/૩૫૧૦ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેનો પત્ર નં. જીએડી/ઈએસટીઆર//૮૯૫ તા.૮–૧–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ અને મહેકમને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૩ તા.૭–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં. જીએડી/ઈએસટી/૩૫૧૧ તા.૩/૮–૨–૧૦ ના પત્રની નકલ, પ્રદિપસિંહ ઝાલાની ગુ.યુનિ.ની ગ્રેજયુએટ બી.એ.ની માર્કશીટ તથા એલ.એલ.બી.ની માર્કશીટની નકલ, વી ડી. પટેલની બી.ઈ.સીવીલનું સર્ટીફીકેટ તથા ધરતીકંપ ભુજ સીટીમાં કરેલ કામગીરીનું સર્ટીફીકેટ , જે.એમ. પટેલનું સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સીબીએસસી) ની માર્કશીટની નકલ, બેચરલ ઓફ આર્કીસ્ટ્રકચર ના સર્ટીફીકેટ અને માર્કશીટની નકલ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન ડીપ્લોમાં પ્લાનીંગની માર્કશીટ અને સર્ટીફીકેટની નકલ, તેમજ એલ.એલ.બી. જનરલની માર્કશીટની નકલ, કેતન પટેલની બી.ઈ.સીવીલનું સર્ટીફીકેટની નકલ, એમ.ઈ. સીવીલનું સર્ટીફીકેટઅને માર્કશીટની નકલ, ઈન્સ્ટીટયુટ ઓફ એન્જી.(ઈન્ડિયા) નું સર્ટીફીકેટની નકલ, ડી. કે. કન્સ્ટ્રકશનનું સર્ટીફીકેટની નકલ, કોમ્પ્યુટર એડેડ ડીઝાઈનમાં ભાગ લીધા અંગેનું સર્ટીફીકેટ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫–૧–૧૦ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબતે માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર/આર/ મહેકમને સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૩૮૩ તા.૭–૧–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/ ૮૯૫ તા.૮–૧–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સદર માહિતી મેળવવા દસ્તાવજે ફી ભરપાઈ કરવા અંગે અંગે પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૫૧૦ તા.૩–૨–૧૦ થી પાના નંગ–૧૩ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૨૫૯૯૨૪ તા.૫–૨–૧૦ થી રૂા.૨૬/– ભરપાઈ કરેલ છે. તેમજ જીએડી/ઈએસટી/૩૫૧૧ તા.૩/૮–૨–૧૦ થી અધિકારીઓના હોદ્દાની જગ્યા અંગેની માહિતીની વિગત આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતીમાં રોસ્ટર પધ્ધતિને આધીન નિમણુંક તથા જાતિ અંગેની નકલ સહિતની માહિતીની માંગણી કરી તા.૧૬–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે " સરકારશ્રીના રોસ્ટરના નિયમાનુસાર ફકત એક જ જગ્યા સંવર્ગમાં મંજુર થયેલ હોય તો તેમાં રોસ્ટર લાગુ પડતું નથી. " પરંતુ અરજદારને તે સૂચિત કરેલ જણાતું નથી. અરજદારની તકરાર માત્ર તેટલા પૂરતી જણાય છે. અત્રે એ પણ સૂચક છે કે મહાનગરપાલિકાની વેબસાઈટ પર અધિકારી /કર્મચારીની વિગતના મેન્યુઅલમાં સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આ પૈકીની માહિતી સમાવિષ્ટ હોય. પરંતુ અરજદારે તે મેળવવા પ્રયત્ન કરેલ જણાતો નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી  નહીં પૂરી પાડેલ રોસ્ટર અંગેની હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને  દિન–૭ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :   –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર